# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

## પંડિત સુખલાલજી સવાશતાબ્દી : પરિસંવાદ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘ અને ગુજરાતી સાહિત્ય પરિષદની શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠના સંયુક્ત ઉપક્રમે પ્રખર દાર્શનિક પંડિત સુખલાલજીની સવાશતાબ્દી નિમિત્તે મુંબઈમાં ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરના સભાગૃહમાં તા. ૧૭-૨-૦૭ના રોજ પરિષદ પ્રમુખશ્રી કુમારપાળ દેસાઈની અધ્યક્ષતામાં એક પરિસંવાદ ગોઠવવામાં આવ્યો. તેમાં મુખ્ય વક્તવ્ય આપતાં શ્રી રઘુવીર ચૌધરીએ જણાવ્યું કે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં પંડિતજીએ 'ચેતોવિસ્તારની યાત્રા' પુસ્તકમાં પૂર્ણિમાની ચાંદનીનું જે વર્ણન કર્યું છે તે અદ્ભુત છે. પરમતત્ત્વએ તેમને ઘણું આપ્યું અને તેનું સવાયું જ્ઞાન કરીને તેમણે સૌને વહેંચ્યું. તેઓ કહેતા કે ઇંદ્રિયોનો કોલાહલ શાંત થતાં આત્માનું સંગીત સંભળાય તે સાચો ધર્મ છે. જૈન યુવક સંઘના મંત્રી ડૉ. ધનવંત શાહે કહ્યું કે પંડિતજીની ગાંધીજી સાથે મુલાકાત પુનામાં થઈ પછી પંડિતજીએ કોચરબ આશ્રમમાં સત્યાગ્રહીઓ સાથે ગાંધીજીએ સોંપેલું અનાજ દળવાનું કામ ખુશીથી કર્યું. એક વાર તેમણે ગાંધીજીના મોટરમાં નહીં બેસવાના નિયમ સામે જણાવેલું કે જો અપવાદ કરતાં કામ વિશેષ થતું હોય તો નિયમ તોડવામાં વાંધો નથી અને ગાંધીજીએ સલાહ માનેલી એવી એમની આંતરિક સમૃદ્ધિ હતી. કેટલાક રૂઢિચુસ્તો પંડિતજીને બળવાખોર પણ કહેતા. જૈન ધર્મના વિદ્વાન પ્રા. તારાબહેન શાહે પંડિતજીની સત્યની શોધ, ઉત્કટ જિજ્ઞાસા અને અશુભ ખંખેરી શુભ ભણીની ગતિ માટેની વૃત્તિને બિરદાવી જણાવ્યું કે કોઈ પ્રકારની દીનતા દેખાડ્યા વિના પંડિતજી આધ્યાત્મિક માર્ગે આગળ વધ્યા હતા. પ્રમુખપદેથી શ્રી કુમારપાળ દેસાઈએ પંડિતજીને સાંપ્રદાયિકતાની દીવાલ તોડી સર્વધર્મોનો સ્વાધ્યાય – પરિશીલન કરનાર વિશાળ હૃદયના માનવતાવાદી તરીકે ઓળખાવ્યા. અનેક ધર્મોનું સામંજસ્ય કરનાર અભ્યાસી પંડિતજીને ગાંધીજીએ હરતીફરતી વિદ્યાપીઠનું બિરુદ આપ્યું હતું તેનો ઉલ્લેખ પણ કર્યો. ડૉ. અભય દોશીના શોધનિબંધ 'ચોવીસી સ્વરૂપ અને સાહિત્ય'નું પ્રમુખશ્રીએ વિમોચન કર્યું. પરિષદના ઉપપ્રમુખ, નવલકથાકાર વર્ષા અડાલજાએ બે સંસ્થાઓની યુતિને સુખદ સંયોગ ગણાવ્યો, તો કોષાધ્યક્ષ રાજેન્દ્ર પટેલે પરિષદની પ્રવૃત્તિઓની વિગત આપી હતી. યુવક-સંઘના પ્રમુખ રસિકભાઈ, ચંદ્રકાન્ત શાહ, નીરુબહેન શાહે પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં હતાં.

## રવિશંકર રાવળ વ્યાખ્યાનશ્રેણીનું ચોથું વ્યાખ્યાન

આ શ્રેણીનું ચોથું વ્યાખ્યાન તા. ૨૪-૨-૦૭ની સાંજે કલાકાર – કલામર્મજ્ઞ શ્રી કે. જી. સુબ્રહ્મણ્યમે (મણિસાહેબ) 'Identity' – 'ઓળખ' એ વિશે વ્યાખ્યાન આપ્યું. આરંભમાં શ્રી શેખસાહેબે ગુરુ મણિસાહેબનો અંતરંગ પરિચય આપતાં જણાવ્યું કે તેમનું કાર્યક્ષેત્ર વડોદરાની ફાઇન આર્ટ્સ ફેકલ્ટી અને શાંતિનિકેતનનું કલાભવન રહ્યાં છે. મણિસાહેબના ચિત્રોની Slides બતાવવામાં આવી, જેમાંની લાક્ષણિકતાઓ વિશે શ્રી શેખ નિર્દેશ કરતા રહ્યા. 'ઓળખ' વિષય પરના પોતાનાં વક્તવ્યમાં મણિસાહેબે કેવી રીતે ચિત્રકલા પોતાના સીમાડાઓને વ્યાપક બનાવતી કલાના નવોન્મેષોને ઉદ્‌ઘાટિત કરતી રહી છે તે વિશદતાથી અને વિગતપ્રચૂર રીતે અભિવ્યક્ત કર્યું. શ્રી રઘુવીર ચૌધરીએ કલાના સંદર્ભો આપી સુંદર સમાપન કર્યું. આરંભમાં અનિલાબહેન દલાલે વ્યાખ્યાનશ્રેણી વિશેની ભૂમિકા રજૂ કરી હતી. શ્રોતાઓમાં અમદાવાદ-વડોદરા-આણંદ વગેરે સ્થળોએથી કલાકારો, કલાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળા

પરિષદ અને ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનના ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે શ્રી કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળામાં તા. ૨૬-૨-૦૭ના રોજ બપોરે ૨.૩૦ વાગ્યે શ્રી યોગેન્દ્ર વ્યાસની અધ્યક્ષતામાં શ્રી નીલોત્પલા ગાંધીએ 'ગુજરાતીની નકારવાચક રચનાઓ' વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી કીર્તિદા શાહે વ્યાખ્યાનમાળા અને વક્તાનો પરિચય આપ્યા પછી શ્રીમતી ગાંધીએ નકારવાચક રચનાઓમાં 'ન' 'ના' અને 'નહિ' જેવી સંજ્ઞાનો ઉપયોગ ક્યાં કેવી પરિસ્થિતિ કે સમયે બદલાતો જાય છે તેની વિશદ ચર્ચા કરી હતી. આદ્ય કવિ નરસિંહ મહેતાની 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યું...' પંક્તિ ટાંકીને અધ્યક્ષશ્રી વ્યાસે નકારાત્મક રચનાનાં બીજ ક્યાં છે તેની ચર્ચા કરી, તો ભાવકોએ પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો. શ્રી આનંદ વસાવાએ કાર્યક્રમનું સંચાલન કર્યું અને શ્રી પારુલ દેસાઈએ આભારદર્શન.

(ઈતુભાઈ)

પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત તા. ૨૮-૨-૦૭ની સાંજે વાર્તાકાર શ્રી પ્રવીણસિંહ ચાવડાએ પોતાની વાર્તાસર્જનની કાર્યશાળામાં લઈ જતી કેફિયત આપી. પછી વાર્તાકાર શ્રી પારુલ દેસાઈએ સવાલો પૂછ્યા, તેમજ શ્રોતાગણમાંથી પણ પ્રશ્નો થયા. અંતે શ્રી પ્રવીણસિંહે પ્રશ્નોના ઉત્તરો આપી પોતાની સર્જનપ્રક્રિયાની રચનાને આકૃત કરવાની વાતોથી સ્પષ્ટતા કરી.

તા. ૨-૩-૦૭ રાજકોટ મુકામે શ્રી નીતિન વડગામાના સંયોજન હેઠળ 'નવોદિત સર્જકો સાથે સંવાદ' પરિષદ પ્રમુખ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની ઉપસ્થિતિમાં ગોઠવાયો હતો. બીજે દિવસે – તા. ૩-૩-૦૭ રાજકોટમાં પરિષદ આયોજિત શ્રી ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ) વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન, પ્રિ. પી. ડી. જોશી પબ્લિક લાઇબ્રેરી તથા સૌજન્ય માધુરી પરિવારના સંયુક્ત ઉપક્રમે પ્રમુખશ્રી કુમારપાળ દેસાઈની અધ્યક્ષતામાં અને પ્રિ. ગુલાબભાઈ જાનીના અતિથિવિશેષ પદે શ્રી યાસીન દલાલે 'મુદ્રણ, માધ્યમ અને વિજાણુ માધ્યમ : એકબીજાના હરીફ કે પૂરક ?' એ વિષય પર આપ્યું હતું. એમણે મુદ્રણ માધ્યમની વર્તમાન પરિસ્થિતિ અને ટેલિવિઝનની ધારાવાહિકોની ચિંતા પ્રકટ કરી બન્ને માધ્યમો હરીફને બદલે કેવી રીતે પૂરક બની શકે તેની ચર્ચા કરી. પ્રમુખશ્રી કુમારપાળ દેસાઈએ ટેલિવિઝન અને પછી તો ઇન્ટરનેટને કારણે અખબારો તરફ ઓછું આકર્ષણ રહે તેનો નિર્દેશ કરી જૂનાં માધ્યમો જરૂરી પરિવર્તનો કરે છે તે બતાવ્યું, પણ અખબારો સેક્સ, હિંસા, સૌંદર્યસ્પર્ધા, ગોસિપને પ્રાધાન્ય આપતાં થયાં છે તે વલણ ચિંતાજનક છે એમ જણાવ્યું. શ્રી ગુલાબભાઈ જાનીએ પરિષદનો આભાર માન્યો, વહીવટી મંત્રી શ્રી બોરીસાગરે પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું; શ્રી રાજેન્દ્ર પટેલે પરિષદની પ્રવૃત્તિઓની ઝલક આપી; શ્રી દીપક જોશીએ સ્વાગત અને અંતે શ્રી નૈમિષ ઝાલાવાડિયા આભારદર્શન તેમજ નૂપુર જાનીએ સંચાલન કર્યું.

## આત્મકથનાત્મક લેખન : એક પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦-૩-૦૭ના રોજ એક દિવસીય પરિસંવાદ 'આત્મકથનાત્મક લેખન' એ વિષય પર પ્રમુખશ્રી કુમારપાળ દેસાઈની અધ્યક્ષતામાં યોજાયો. મુખ્ય વક્તવ્યમાં શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાએ નવા દૃષ્ટિકોણથી આત્મકથા લેખનને વ્યાખ્યાયિત કર્યું. આત્મકથાઓમાં શ્રી દિનકર જોશીએ 'સત્યના પ્રયોગો' પર, શ્રી કુમારપાળ દેસાઈએ 'હું પોતે' (નારાયણ હેમચંદ્ર), શ્રી મનસુખ સલ્લાએ 'બિલ્લો ટિલ્લો ટચ' (ગુણવંત શાહ), શ્રી ભરત મહેતાએ 'સ્વપ્ન સિદ્ધિની શોધમાં' (ક. મા. મુનશી) એમ ચાર કૃતિઓની ચર્ચા-પરિચય થયો. સંસ્મરણાત્મક લખાણોની બેઠકમાં શ્રી રઘુવીર ચૌધરીએ 'સ્મરણયાત્રા' (કાલેલકર), 'શ્રીમતી પારુલ દેસાઈએ 'જીવન સંભારણાં' (શારદાબહેન મહેતા), શ્રી પ્રકાશ ન. શાહે 'સ્મરણો ભીનાં ભીનાં' (જયંત પંડ્યા), શ્રી મહેન્દ્રસિંહ પરમારે 'સદ્ભિઃ સંગઃ' (દર્શક) – એ ચાર કૃતિઓ વિશે વક્તવ્યો રજૂ થયાં. પત્ર અને ડાયરીલેખનની બેઠકમાં શ્રી ધીરુભાઈ પરીખે 'કલાપી પત્રસંપુટ' (સં. રમેશ શુક્લ), શ્રી ઉષા ઉપાધ્યાયે 'સ્વામી અને સાંઈ' (સં. હિમાંશી શેલત) તથા શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટે 'મહાદેવભાઈની ડાયરી' ભા. ૯ – એમ ત્રણ પુસ્તકોમાંથી ચયન કરી પરિચય કરાવ્યો. શ્રી અનિલા દલાલે આરંભમાં સૌનું સ્વાગત કરી ભૂમિકા બાંધી હતી. અકાદમીના મહામાત્રશ્રી ઉપસ્થિત રહી શક્યા નહોતા. અંતે શ્રી બોરીસાગરે સમાપન અને આભારવિધિ કર્યાં.

તા. ૧૧-૩-૦૭ ભાવનગર મુકામે શ્રી વિનોદ જોશી, શ્રી મહેન્દ્રસિંહ પરમાર, શ્રી હરિકૃષ્ણ પાઠક, શ્રી રાજેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'નવોદિત સર્જકો સાથે સંવાદ'નું આયોજન થયું.

## શ્રીમતી સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ફેકલ્ટી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ, વડોદરાના સંયુક્ત ઉપક્રમે શ્રીમતી સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન શ્રી કૃષ્ણકાન્ત કડકિયાએ તા. ૧૪-૩-૦૭ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે 'કુત્ત, કુટ્યિાટ્ટમ્ અને કુતમ્બલમ્' એ વિષય પર વડોદરા મુકામે વક્તવ્ય આપ્યું. વક્તાએ સ્પષ્ટ કર્યું કે દક્ષિણ ભારતના મંદિરોમાં જે નાટ્યગૃહો છે તેને માટેની સંજ્ઞા તે 'કુતમ્બલમ્' છે. અહીં સંસ્કૃત નાટકો ભજવાય છે અને તેને 'કુત્ત' અને 'કુટ્યિાટ્ટમ્' એ સંજ્ઞાઓથી ઓળખાવવામાં આવે છે. 'કુત્ત'માં સૂતો અને કથાકારોની પરંપરાનાં નાટકોના લગભગ ૪૧ દિવસ સુધી પ્રયોગો થાય છે, તો 'કુટ્યિાટ્ટમ્'માં સંસ્કૃત નાટકો. આ નાટકો મંદિર આશ્રિત હોય છે અને ચાકિયાર તથા નાંબિયાર કોમના લોકો તે ભજવે છે. વિદૂષકનું પાત્ર મહત્ત્વનું છે, અને તે મલયાલમ્ ભાષામાં બોલે છે. કેરલના લોકનાટ્યોની આના પર ઘેરી અસર છે, તેમ છતાં ભારતના નાટ્યશાસ્ત્રના ઘણા આદેશોને અનુસરે છે. ભારતીય કલા અને સંસ્કૃતિના વિકાસ સંદર્ભે આ નાટ્યગૃહો અને નાટકો ખૂબ મહત્ત્વનાં ગણાય.

શ્રી મહેશ ચંપકલાલની ઉપસ્થિતિમાં સમગ્ર આયોજન થયું હતું.

મુંબઈ મુકામે તા. ૧૮-૩-૨૦૦૭ના રોજ પરિષદ અને પ્રગતિ મિત્ર મંડળ, કાંદિવલીના સંયુક્ત ઉપક્રમે 'હાસ્ય કવિતા' વિશે હાસ્યોત્સવનું આયોજન થયું. પ્રમુખસ્થાને પ્રમુખશ્રી કુમારપાળ દેસાઈ, અને અતિથિવિશેષ તરીકે પૂર્વ પ્રમુખશ્રી ધીરુબહેન પટેલ, ઉપપ્રમુખશ્રી વર્ષા અડાલજા તેમજ કોષાધ્યક્ષ રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન વહીવટી મંત્રી શ્રી રતિલાલ બોરીસાગર અને શ્રીમતી પન્ના અધ્વર્યુએ કર્યું હતું. શ્રી કૃષ્ણ દવે, શ્રી નિર્મિશ ઠાકર, શ્રી ઉદયન ઠક્કર તેમજ શ્રી તુષાર શાહે હાસ્યકવિતા દ્વારા સૌનું મનોરંજન કર્યું. પ્રગતિ મિત્રમંડળના પ્રમુખ અરુણ મહેતા – એ. બી. મહેતા તેમજ સ્થાપક પ્રમુખ પ્રતાપભાઈ વૉરા – એ સૌએ ઉષ્માભર્યો આવકાર આપ્યો હતો.

પરિષદના સહયોગમાં દર્શક ફાઉન્ડેશન દ્વારા ગ્રંથવિમર્શનો કાર્યક્રમ તા. ૨૨-૩-૦૭ના રોજ સાંજે આયોજિત થયો હતો. સમગ્ર સંચાલન, સ્વાગત, આભારવિધિ ફાઉન્ડેશનના સંયોજક શ્રી મનસુખ સલ્લાએ કર્યું હતું. ત્રણ ગ્રંથોનું ત્રણ વક્તાઓ દ્વારા આસ્વાદલક્ષી વિવરણ થયું : (૧) શનિમેખલા (મધુસૂદન ઢાંકી) નરોત્તમ પલાણ, (૨) છેલ્લું ફરમાન (ઈવા ડેવ) શ્રી હરિકૃષ્ણ પાઠક, (૩) ધ ડેથ ઑફ વિષ્ણુ (મનીલ સુરી) શ્રી રાજેન્દ્ર પટેલ. પ્રમુખસ્થાનેથી અનિલાબહેન દલાલે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. શ્રી નરોત્તમ પલાણની અનુપસ્થિતિમાં એમનું પેપર શ્રી રમેશ દવેએ વાંચ્યું હતું.

પરિષદના ઉપક્રમે શ્રી ઉશનસ્ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન શ્રી દિલીપ ઝવેરીએ તા. ૨૪-૩-૦૭ની સાંજે 'મહાકાવ્યોમાં નારી' એ વિષય પર આપ્યું. તેમણે ઈલિયડ, ઓડિસી, તથા રામાયણ-મહાભારતનાં નારીપાત્રોની તત્કાલીન સમયમાં સમાજમાં જે છબી હતી તે ઉપસાવી, તેમનાં સઘન અભ્યાસની પ્રતીતિ કરાવી. શ્રી રાજેન્દ્ર પટેલે પરિચય આપ્યો – પ્રમુખસ્થાનેથી પ્રમુખશ્રી દેસાઈએ સમાપન અને આભારવિધિ કર્યાં.

❒

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી ૪૪મું અધિવેશન તા. ૨૨, ૨૩ અને ૨૪ ડિસેમ્બર ૨૦૦૭માં યોજાશે.